
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

~~6708~~



તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થ

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૨
અંક ૬

પોષ
સં૦ ૨૦૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ-નુ-ક્ર-મ-ણિ-કા.


| | | |
|---|---|---|
| ૧ કહેવા કરતાં કરવું સારું ... ... ... ... ... ... ... | | ૭૯ |
| ૨ નવપદજીના પ્રાચીન ચૈત્યવંદનો ભાવાર્થ સાથે ... ... | ( પં. શ્રી રામવિજયજી ) | ૮૦ |
| ૩ આત્મ આદર્શ છત્રીશી ... ... ... ... | ( મુનિશ્રી કલ્યાણપ્રભવિજયજી ) | ૮૧ |
| ૪ પરમ પદસોપાન ( સિદ્ધિસોપાન ) ... ... ... | ( મુનિશ્રી મહાપ્રભવિજયજી ) | ૮૨ |
| ૫ તક ... ... ... ... ... ... ... ... ... | | ૮૪ |
| ૬ મહાભિનિષ્ક્રમણ ... ... ... ... | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૮૫ |
| ૭ બાવીશમા શ્રી શિવકર જિન સ્તવન-સાર્થ ... ... | ( ડૉ. વલ્લભદાસ નેણુશીભાઇ ) | ૮૬ |
| ૮ પશ્ચિમના દેશોમાં જૈન ધાર્મિક અને દાર્શનિક સાહિત્યનો અભ્યાસ | ( પ્રો. જયંતિલાલ ભાઇશંકર દવે ) | ૯૨ |
| ૯ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... ... | | ૯૪ |


---


## શ્રી કથારત્નકોષ ( ભાષાંતર દ્વિતીય ભાગ. )

### કર્તા—શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.

જેમાં સમ્યક્ત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર-સરલ નિરૂપણ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી, વાંચેલી, નવીન પચાસ કથાઓ. અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો, ઋતુ, ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનું વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે. પ્રથમ ભાગમાં સમ્યક્ત્વના વીશ ગુણોનું વર્ણન આપવામાં આવ્યું છે. આ બીજા ભાગમાં બાકીના તેર સમ્યક્ત્વના અને સત્તર પંચ અણુવ્રતના મળી કુલ ત્રીશ ગુણોનું કથાઓ સહિત વર્ણન આપવામાં આવ્યું છે. સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી **આ સભાના માનવંતા પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવા** આ ગ્રંથ છપાય છે. સુમારે ચાલીસ ફોર્મ ઉપરાંત ક્રાઉન આઠ પેજી લગભગ ચારસો પૃષ્ઠમાં તૈયાર થશે. **આસો વદી ૦)) સુધીમાં નવા થનારા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે.** કિંમત સુમારે રૂા. નવ થશે,

---

**ફરી નહીં છપાવવામાં આવતા એ અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.**

## ૧ શ્રી કલ્પસૂત્ર ( બારસા ) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા નમ્ર સૂચના છે. કિં. રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

**૨ સજ્ઝાયમાળા**—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય-અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઈંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટેજ જુદું. માત્ર પચીશ કોપી સિલિકે રહી છે.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૧. પોષ—જાન્યુઆરી. પુસ્તક પર મું.
વિક્રમ સં. ૨૦૧૧. અંક ૬

## કહેવા કરતાં કરવું સારું

૬ ઠ્ઠી મે ૧૯૫૧ ના રોજ દિલ્હીખાતે કોંગ્રેસની મહાસમિતિની મીટીંગ મળી હતી. સભા ચાલુ હતી તેમાં વચ્ચે ચા પીવાનો સમય થયો. ચાની સાથે બિસ્કીટ, કેળા, એવો હળવો નાસ્તો હોય જ.

સભ્યોએ તો કેળાં ખાઈ ખાઇને કેળાંની છાલ જ્યાં ત્યાં ફેંકવા માંડી, વડાપ્રધાન શ્રી જવાહરલાલ ત્યાં હાજર હતા. એમણે આ જોયું. એમને એવી ગંદી ટેવ જરાએ પસંદ નહિ. કેળાંની છાલ બધે પડેલી ને આખો મંડપ સાવ ગંદો દેખાય.

હવે કરવું શું? મહાસમિતિમાં આખા દેશમાંથી મોટા મોટા કાર્યકરો આવ્યા હોય. એ સૌને ઠપકો પણ શી રીતે અપાય ? પણ જવાહરલાલ તો ગાંધીજી પાસેથી શીખેલા કે કોઇને ઉપદેશ આપવા કરતાં જાતે કામ કરી બતાવવું સારું. એટલે જવાહરલાલજીએ તો નીચા વળીને કેળાંની છાલો વીણવા માંડી. ઘડીભર તો ત્યાં ઊભેલા બધા નેતાઓ નવાઈ પામી જોઇ રહ્યા, પણ પછી દરેકે દરેક સભ્ય તેઓની સાથે કેળાંની છાલ વીણવા લાગી ગયા.

થોડીવારમાં જ સારોએ મંડપ સ્વચ્છ થઈ ગયો.

સૌએ ઉચ્ચાર્યું " કહેવા કરતાં કરવું સારું "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નવપદજીના પ્રાચીન ચૈત્યવંદનો—ભાવાર્થ સાથે

3039

લેખક. પં૦ મહારાજ શ્રી રામવિજયજી ગણિવર.

જિન[1] પદ[2] કુલ[9] મુખ[6] રસ અનલમિત[3] રસ[6] ગુણધારી;
પ્રબલ સબલ ઘન મોહકી જિણતે ચમૂ હારી. ૧
ઋજવાદિક જિનરાજ ગીત નય તનુ વિસ્તારી;
ભવકૂપે પાપે પડત જગજન નિસ્તારી. ૨
પંચાચારી જીવકે આચારજ પદ સાર;
તીનકું વંદે હીરધર્મ અષ્ટોત્તર સો વાર. ૩

**અર્થ**—જિન પદ કુલ મુખ રસ–૧૨૯૬ સંખ્યાથી થતા ગુણવાળા તેમજ છત્રીશ ગુણ યુક્ત આચાર્ય ભગવંતે પ્રબલ અને જોરદાર મોહની સેનાને હરાવી; વળી ત્રીજું સૂત્ર આદિ સાત નયો કે જે તીર્થંકર પ્રભુએ બતાવેલા છે તે રૂપ શરીરનો વિસ્તાર કરનારા શ્રી આચાર્ય ભગવંત છે; ભવરૂપી કૂપમાં પડેલા પ્રાણીઓને તેઓ તારનારા છે તેમજ પાંચ આચારવાળા જીવને આચાર્યપદ પ્રાપ્ત થાય છે; આવા આચાર્ય મહારાજને શ્રી હીરમુનિ એક સો આઠ વાર વંદન કરે છે.

**વિસ્તૃત ભાવાર્થ**—આ ચૈત્યવંદનમાં સમસ્યાઓ સંખ્યાવાચક આવે છે, અહિં જિન શબ્દથી ૧, પદ શબ્દથી ૨, કુલ શબ્દથી ૯, અને મુખરસથી ૬ લેવા. તેથી ૧૨૯૬ સંખ્યા થાય છે. આવા ગુણસંપન્ન આચાર્ય ભગવંતો હોય છે, પંચિંદિયસંવરણો સૂત્રમાં એક છત્રીશી છે, દશ સમાચારી, દશ ચિત્તની સમાધિ, સોળ કષાય ત્યાગ તે બીજી છત્રીશી, બાર અંગ, બાર ઉપાંગ, દશ રુચિ અને બે શિક્ષારૂપ ત્રીજી છત્રીશી, આઠ અષ્ટાંગ યોગ, આઠ કર્મવિચારણા, આઠ મહાસિદ્ધિ, આઠ દૃષ્ટિ અને ચાર અનુયોગ મળી ચોથી છત્રીશી—એ રીતે વિવિધ પ્રકારવાળી છત્રીશ છત્રીશીઓ ગ્રંથાંતરમાં આવે છે; બાકીની ગીતાર્થો પાસેથી જાણી લેવી અને ૧૨૯૬ ગુણ મેળવવા. વળી આગળ ઉપર પણ અમુક સંખ્યાત્મક સમસ્યાઓ આવશે; પ્રસ્તુત સમસ્યામાં એક જ ક્ષેત્રમાં એક જ તીર્થંકર હોય તેથી એક સંખ્યા, પગો બે હોય તેથી પદની બે સંખ્યા, કુલ–નંદકુલ–ની સમસ્યાથી નવ લેવા, અને સ્વાદના છ રસો હોવાથી છ સંખ્યા ગણવામાં આવી છે. અનલનો અર્થ અગ્નિ તેની સમસ્યા ત્રણ, અને રસ છ એ રીતે છત્રીશની સંખ્યા થાય છે. આચાર્ય ભગવંતે ઘણી પ્રબલ એવી મોહરાજાની સેનાને હરાવી છે. વળી તીર્થંકર પ્રભુએ ઋજુસૂત્ર આદિ નયો બતાવેલા છે તે નયરૂપ શરીરને વિસ્તૃત બનાવે છે તે નયો સાત પ્રકારે છે. વિસ્તારથી અસંખ્ય પ્રકારો બતાવેલ છે. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એમ સાત નયો છે તેના સાતસો અને છેવટે અસંખ્ય ભેદો થાય છે; જૈન શૈલિનું ચક્ર નયરૂપ ધરીને આધારે ચાલે છે; આ નયનું સ્વરૂપ જાણનારા આચાર્યભગવંત હોય છે; વળી પાપના સેવનથી ભવકૂપમાં પડતા જગતના જીવોને તારનાર આચાર્ય ભગવંત છે. તેઓ પંચ આચારવાળા આત્માને આચાર્યપદમાં સ્થાપન કરનારા હોય છે; પંચાચારના નામો આ રીતે છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર; આ પાંચ આચારોના અનુક્રમે આઠ, આઠ, આઠ, બાર અને ત્રણ એમ ઓગણચાલીશ ભેદો છે; અને એકેક આચારના ભેદ પ્રમાણે અતિચારો છે, આચાર્ય ભગવંતો પાંચ આચારોનું પાલન કરે છે–કરાવે છે, અતિચારો તજે છે અને તજાવે છે; આવા આચાર્ય ભગવંતને ચૈત્યવંદન કર્તા કવિરત્ન હીરધર્મ ૧૦૮ વાર વંદન કરે છે; એકસો આઠની અથવા એક હજાર આઠની સંખ્યા મંગલભૂત છે; પંચ પરમેષ્ઠિના ૧૦૮ ગુણ હોવાથી એક સો આઠ વાર વંદન થાય છે. એ વ્યવહાર ધર્માત્મક સૂચન છે. આ રીતે ત્રીજા આચાર્ય પદનું વર્ણન સંપૂર્ણ થયું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મ આદર્શ છત્રીશી

સંગ્રાહક—મુનિ કલ્યાણપ્રભવિજયજી-પૂનાસીટી.

૧ જો તમારે ખાવાની ઇચ્છા થાય તો ગમ (ખામોશ) ખાજો.
૨ „ „ પીવાની „ „ તો જ્ઞાન સુધારસ પીજો.
૩ „ „ હસવાની „ „ ધર્મકાર્યો કરીને જ હસજો.
૪ „ „ બોલવાની „ „ હિતકર અને મિષ્ટ વચન બોલજો.
૫ „ „ મસ્ત બનવું હોય તો શ્રી વીતરાગ પ્રભુની ભક્તિમાં મસ્ત બનજો.
૬ „ „ ગુલતાન થવું હોય તો શ્રી પ્રભુગુણ ગાનમાં ગુલતાન થજો.
૭ „ „ જીતવાની મરજી થાય તો કષાય શત્રુઓને જીતી લેજો.
૮ „ „ વશ કરવાની ઇચ્છા થાય તો, પાંચ ઇન્દ્રિયોને વશ કરજો.
૯ „ „ શાન્તિ મેળવવાની „ „ આત્માની અપૂર્વ શાન્તિ મેળવજો.
૧૦ „ „ સ્નાન કરવાની „ „ જ્ઞાનગંગામાં સ્નાન કરજો.
૧૧ „ „ તરવાની ભાવના થાય તો, સંસાર મહાસાગરને તરજો.
૧૨ „ „ મારવાની „ „ મનમર્કટને મારજો.
૧૩ „ „ તજવાની ઇચ્છા થાય તો, મિથ્યાત્વને તુરત તજી દેજો.
૧૪ „ „ નાશ કરવાની „ „ રાગદ્વેષનો નાશ કરજો.
૧૫ „ „ નિકંદન કાઢવાની મરજી થાય તો, પૂર્વનાં પાપ તથા અધર્મનું નિકંદન કાઢજો.
૧૬ „ „ ચૂરો કરવાની ઇચ્છા થાય તો કષ્ટ કર્મના ચૂરેચૂરા કરજો.
૧૭ „ „ લોભ કરવાની „ „ તો તપસ્યાનો લોભ કરજો.
૧૮ „ „ તોડફોડ કરવાની „ „ તો વિષયવૃત્તિની તોડફોડ કરજો.
૧૯ „ „ સુવાની „ „ તો જયણાપૂર્વક સંથારે સુજો.
૨૦ „ „ જાગૃત થવાની „ „ તો પ્રમાદ દશામાંથી જાગૃત થજો.
૨૧ „ „ ચાલવાની „ „ તો જયણાપૂર્વક ઇર્યાસમિતિ સાચવીને ચાલજો.
૨૨ „ „ ભાગવાની „ „ તો દુર્જનથી દૂર ભાગજો.
૨૩ „ „ વધવાની ભાવના થાય તો ધર્મકરણીમાં આગળ વધજો.
૨૪ „ „ વર્તન કરવું હોય તો, વિવેકભર્યું વર્તન કરજો.
૨૫ „ „ દૃઢ કરવાની ભાવના થાય તો, સમકિતને દૃઢ કરજો.
૨૬ „ „ રીસ કરવાની ઇચ્છા થાય તો ક્રોધ ઉપર જ રીસ કરજો.
૨૭ „ „ પ્રીતિ કરવાની „ „ તો સુદેવ, સુગુરુ, સુધર્મ સાથે કરજો.
૨૮ „ „ સદ્ગતિ સાધવાની „ „ તો બ્રહ્મચર્યનું પાલન કરજો.
૨૯ „ „ ભવભ્રમણ ટાળવું „ „ તો સોળ પ્રકારની શ્રેષ્ઠ ભાવના ભાવજો.
૩૦ „ „ મુક્તિમંદિરમાં બિરાજવું હોય તો શ્રેષ્ઠ સંયમ સાધજો.
૩૧ „ „ નિંદા કરવી હોય તો સ્વઆત્માની નિંદા કરજો.
૩૨ „ „ વ્યસન રાખવું હોય તો, દાન દેવાનું વ્યસન રાખજો.
૩૩ „ „ લૂંટવાની ઇચ્છા થાય તો જ્ઞાનધનની લૂંટ કરજો.
૩૪ „ „ આશીષ મેળવવી હોય તો સૌનું ભલું કરજો.
૩૫ „ „ માયા-કપટ કરવું હોય તો, મોહને છેતરજો.
૩૬ „ „ રોવું હોય તો, તમારાં દુષ્કૃત્યોને સંભારીને રોજો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમપદ સોપાન (સિદ્ધિસોપાન)

મુનિ શ્રી મહાપ્રભવિજયજી

અનાદિ કાલથી ચાલતા આવતા અને અનંત કાળે પણ નહિ અટકતા એવા આ સંસારમાંથી અનંતા આત્માઓ સત્ય, સ્થિર અને પૂર્ણ સુખના સ્થાન એવા પરમપદને પ્રાપ્ત થયા છે, તે આત્માઓ એક કૂદકે કંઇ અકસ્માત્ કૃતકૃત્ય થયા ન હતા; પણ જ્યારે બીજાઓ ઘોર નિદ્રામાં ઘોરતા (વિષય વિલાસમાં મસ્ત હતા) ત્યારે તે સંસારથી વિરક્ત બની, ઉચ્ચ માર્ગે ચડવા ગુણમય જીવનદ્વારા પોતાનો પંથ કાપતા રહ્યા હતા અને પુરુષાર્થને જ પોતાનો જીવનમંત્ર બનાવ્યો હતો. પુરુષાર્થજ અક્ષય-અનંત-અપરિમિત સુખનું અનુપમ અફર સાધન છે.

સાચા સુખની કે પરમપદની પ્રાપ્તિ અક્રમે નહિ પણ ક્રમે થાય છે. શારીરિક આરોગ્ય માટે પ્રથમ રોગનું સાચું ભાન અને તે પછી રોગનો વિશ્વાસ (શ્રદ્ધા) આવશ્યક છે. સામાન્ય પણ ઉપાય ન કરવામાં આવતા ભયંકર રોગમાં પરિણમી તે જીવલેણ બની શકે છે. તેથી સામાન્ય રોગ પણ ખરાબ લાગતા રોગમાત્ર અસાર લાગે. રોગની અસારતા ભાસતા રોગ ઉપરનો પ્રેમ જાય અને તેના ઉપર અરુચિ પ્રગટે. રોગ ઉપરની અરુચિથી આરોગ્યની રુચિ થતાં, આરોગ્યનો પુરુષાર્થ થતાં, આરોગ્યની પ્રાપ્તિ થાય. તેમ સાંસારિક સુખનાં સ્વરૂપનું જ્ઞાન (૧) સાંસારિક સુખના સ્વરૂપની શ્રદ્ધા (૨) સાંસારિક સુખ ખરાબ લાગવું (૩) સંસારની અસારતાનો ભાસ (૪) સંસારની અરુચિ (૫) મોક્ષની રુચિ (૬) મોક્ષ માટે પુરુષાર્થ (૭) અને મોક્ષની સાધના (૮) ક્રમે થાય.

**भवस्वरूपविज्ञानात्, तद्विरागाच्च तत्त्वतः।**
**अपवर्गानुरागाच्च, स्यादेतत् नान्यथा क्वचित्॥**

ઉપર્યુંક્ત શ્લોકમાં સૂરિપુરંદર શ્રી હરિભદ્રાચાર્ય જણાવે છે કે-સંસારના સ્વરૂપના જ્ઞાનથી સંસારની પરમાર્થતઃ વિરક્તિ-દ્વેષ થતાં અને મોક્ષનો રાગ થતાં મોક્ષ માટેનો પુરુષાર્થ શક્ય બને છે.

જગતના સઘળા દર્શનકારો મોક્ષની સાધનાના માર્ગ વિષે એકમત ધરાવે છે, તે સંબંધમાં કોઇનો પણ વિરોધ નથી. સાચું જ કહ્યું છે કે—

(स्रग्धरा)

**प्राणाघातान्निवृत्तिः, परधनहरणे, संयमः सत्यवाक्यम्,**
**काले शक्त्या प्रदानं, युवतिजनकथा, मूकभावः परेषाम् ।**
**तृष्णास्रोतो विभंगो, गुरुषु च विनयः, सर्वभूतानुकंपा,**
**सामान्यः सर्वशास्त्रेष्वनुपहतविधिः, श्रेयसामेष पन्थाः ॥**

ઉપર્યુંક્ત શ્લોકમાં મહર્ષિ શ્રી ભર્તૃહરિ જણાવે છે કે-અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ-દાન, નિસ્પૃહા, ગુરુવિનય અને સર્વ જીવોની દયા-એ-સર્વ શાસ્ત્રમાં અવિરુદ્ધ એવો મોક્ષનો પંથ છે.

તો એ માટે અવશ્ય પુરુષાર્થ કરવો જોઈએ.

Lives of great men all remind us,
We can make our lives sublime
Longfellow.

મહાપુરુષોના ચરિત્રો અનુકરણ કરવા લાયક દૃષ્ટાંત તેમજ આપણી સ્થિતિનું ભાન કરાવનાર માનસિક દર્પણ છે. મનની અંદર ઉત્પન્ન થતાં દુર્જય દુષ્ટ વિકારોની સામે બહાદુરીથી લડવું જોઇએ જે તેમના ઉપર જય મેળવે છે તે ત્રણ ભુવનનો જીતનાર છે. ભગીરથ પ્રયત્ન સિવાય આત્મિય સુખ આપોઆપ તમને ભેટી પડે એવો ખ્યાલ સ્વપ્નામાં પણ લાવવા જેવો નથી. આત્મિક વિશુદ્ધિને અટકાવનાર વિચારો અને આચારોને જલાંજલિ આપવી જોઇએ અને આત્મસત્તાગત વિશુદ્ધિને લક્ષમાં રાખી તેવા વિભાવોનું વિસર્જન કરવું જોઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમપદના ક્રમની સમજ.

(૧) સાંસારિક સુખના સ્વરૂપનું જ્ઞાન.

૧ ઇષ્ટ પંચપ્રકારના વિષયના ભોગથી ઉત્પન્ન થનારું

૨ વ્રણ, ગડગુમડ, રોગાદિના ઉપાયાદિની જેમ દુઃખના ઉપાય સદૃશ.

૩ સત્યકી વિદ્યાધર, સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રી વિગેરેની જેમ નરકાદિના ફલના કારણે પરિણામે વિરસ.

૪ સ્વલ્પકાલીન. ૫ ચિરકાળ દુઃખવાળું

૬ તુચ્છ ફલવાળું. ૭ નાનાવિધ પરાભવ, ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ વિગેરે દુઃખથી મિશ્ર. ૮ એટલા માટે સંસારિક સુખ તત્ત્વતઃ દુઃખજ છે.

ન્યાયાચાર્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ. સાંસારિકસુખ અને મોક્ષસુખ વર્ણવતા જણાવે છે કે-

શિખરિણી.

**पराधीनं शर्म क्षयि विषयकांक्षौघमलिनम्**
**भवे भीतिस्थानं, तदपि कुमतिस्तत्र रमते ।**
**बुधास्तु स्वाधीनेऽक्षयिणि करणौत्सुक्यरहिते**
**निलीनास्तिष्ठन्ति, प्रगलितभयाऽऽध्यात्मिक-सुखे ॥**

આ શ્લોકમાં સાંસારિક સુખને પરાધીન, નાશવંત, વિષયની કાંક્ષાથી મલિન અને ભવમાં અનેક ભયનું સ્થાન જણાવી અને ફક્ત કુબુદ્ધિ આત્માઓને આનંદનું સ્થાન બતાવી કારમું-ભયંકર; અને મુક્તિના સુખને સ્વાધીન, શાશ્વત, ઇન્દ્રિયોની ઉત્સુકતા-રહિત અને નિર્ભય જણાવી અને નિર્મળ બુદ્ધિવાળાને આનંદનું સ્થાન બતાવી **મનોહર-ભદ્રંકર બતાવ્યું. આ ઉપરથી જ્ઞાનીઓએ જગતના પ્રાણીઓને અસત્ય-અપૂર્ણ અને અસ્થિર સુખ છોડાવી સત્ય-પૂર્ણ અને સ્થિર સુખમાં લઇ જવા પર્યંત જેટલા શાસ્ત્રો ખડકાવી દીધા. અજ્ઞાનીઓને દુન્યવી પદાર્થોના સેવનમાં સુખ દેખાય છે જ્યારે જ્ઞાનીઓને તેના ત્યાગમાં સુખ દેખાયું, માટે સાચા સુખી બનવા છોડવાનું કહ્યું. આપણે આ સમજી મન-વચન અને કાયાદ્વારા આત્માને નિર્બળ બનાવવાને બદલે નિર્મળ બનાવી સુખી બનવું જોઇએ.**

**(૨) સાંસારિક સુખના સ્વરૂપની શ્રદ્ધા.** ઉપર મુજબ સાંસારિક પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરી તેને હૈયામાં જચાવવું જોઇએ-શ્રદ્ધા કરવી જોઇએ-માન્યતા કરવી જોઇએ. તેમ બને તો જ જ્ઞાન લાભકારક.

**(૩) સાંસારિક સુખ ખરાબ લાગવું.** ઉપર મુજબ સાંસારિક સુખની માન્યતા થાય તો તે ખરાબ લાગે. તેમ લાગે તો તેની ઉપરનો પ્રેમ જાય અને દ્વેષ આવે.

**(૪) સાંસારિક સુખ અસાર.** સારું એ સાંસારિક સુખ ખરાબ લાગે તો સંસારમાં સારભૂત લાગવા જેવું કંઇ ન રહે. એમ થતાં સંસાર અસાર ભાસે.

**(૫) સંસાર અરુચિ.** સંસાર અસાર ભાસે તો તેના ઉપરનો પ્રેમ જાય અને અરુચિ થાય.

**(૬) મોક્ષની રુચિ.** સંસારની અરુચિ થાય તો સારું સ્થાન શોધી રુચિ કરવાનું મન થાય. સારું સ્થાન તો મોક્ષ જ છે, માટે મોક્ષની રુચિ થાય.

**(૭) પુરુષાર્થ.** મોક્ષની રુચિ વાસ્તવિક થાય તો સઘળું છોડી તેને માટે તનતોડ પુરુષાર્થ કરવાનું મન થાય અને તેનો અમલ બને.

**(૮) મોક્ષની સાધના.** પુરુષાર્થ અમલમાં આવતાં મોક્ષની પ્રાપ્તિ ખરેખર થાય.

ઉપર મુજબના ક્રમના વિવેચનથી સમજાય કે પુરુષાર્થના આદર સિવાય મોક્ષપ્રાપ્તિના ક્રમમાં જણાવેલ એકથી છ સુધીના પદાર્થોની પ્રાપ્તિ નિષ્ફળ બની જાય. પુરુષાર્થ આવતાં બધાએ (પૂર્વના પદાર્થો) કાર્યસાધક બની ખરેખર ઉપયોગી બને. આ વિચારણાથી પુરુષાર્થ ઘણા જ અગત્યનો પદાર્થ વિવેકીને લાગ્યા વગર નહિ રહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરુષાર્થ જગાડવા કે અમલમાં લાવવા આત્માએ પુરુષાર્થના પાંચ અંગ સમજી, સ્વરૂપ હૈયામાં લાવી ખરેખર ઉત્સાહથી તે ફોરવવા જોઇએ. અંગો નીચે મુજબ:--

## પુરુષાર્થની પંચાંગી.

૧ **ઉત્થાન.** આળસ મરડી ઊભા થવું; જડતા છોડી જાગ્રત થવું; નિરાશા કે નાશીપાસનો ત્યાગ કરવો અને પ્રમાદ માત્રનો પરિહાર કરી કર્તવ્ય બજાવવા તત્પર થવું.

૨ **કર્મ.** નિશ્ચયપૂર્વક કામે લાગવું. ઉદ્યમ કરવા મચી પડવું. કર્તવ્યનો સ્વીકાર કરવો કે ફરજ પર ચડી જવું.

૩ **બળ.** સ્વીકૃત કાર્યમાં કાયા, વાણી અને મનના બળનો બને તેટલો વધારે ઉપયોગ કરવો—એટલે તેમાં પ્રાણ પરોવવા.

૪ **વીર્ય.** સ્વીકૃત કાર્યને પાર પાડવામાં આનંદ માનવો, ઉલ્લાસ રાખવો કે ઉમંગ ધરાવવો.

૫ **પરાક્રમ.** અંતરાયો, મુશ્કેલીઓ, પરીષહો કે વિઘ્નો સામે ધૈર્યપૂર્વક ઊભા રહેવું અને તેમને ઓળંગી જવાની ધીરતા બતાવવી.

પડવું કે ચઢવું એ મનુષ્યના પોતાના હાથની વાત છે. मनः एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ॥ જે મનુષ્યો ગમાર બની ગફલતમાં રહે છે તેઓ અધઃપતનના અંધકૂપમાં અવશ્ય ગબડી પડે છે. જે સમજુ થઇ પુરુષાર્થને સાધે છે તેઓ મુક્તિસુખના મિનારા પર અવશ્ય ચડી જાય છે.

તેટલા માટે પહેલી તકે આળસ છોડી ઊભા થવું, જડતા છોડી જાગૃત થવું, નિરાશા કે નાસીપાસનો ત્યાગ કરી પ્રમાદનો પરિહાર કરી, કર્તવ્યનું પાલન કરવા તત્પર બનવું,–વિગેરે ઇચ્છવાયોગ્ય છે. કર્તવ્ય એ જ ઉલ્લાસમય આરાધન કે મંગલમય મુક્તિ માટેનો પરમ પુરુષાર્થ છે. જરૂર વિવેકીએ તેને અમલી બનાવવો ઘટે.

### તક........

તમારા મતની સચ્ચાઈ પર તમારો જો પૂર્ણ આત્મવિશ્વાસ હોય તો તકની વાટ જોઈને નિષ્ક્રિય બેસી રહેશો નહિ. તક આવવાની નથી પણ તમારે ઊભી કરવાની છે. તમારા મનમાં પ્રામાણિકતા હશે તો નબળી તક પણ બળવાન બની જશે. તકને તકાસીને બેસનાર કેટલાંય નિર્માલ્ય માણસો કાંઈ પણ મહાન્ કાર્ય કર્યા વિના, જગતમાંથી રડતા રડતા ચાલ્યા ગયા. મર્દ તો તે જ છે કે જે જીવનની પ્રત્યેક પળને મહામૂલી સમજી–અપૂર્વ તક સમજી–કાર્ય કર્યે જ જાય છે.

—મોતીની ખેતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાભિનિષ્ક્રમણ

કવિ-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ—માલેગામ.

( દેશી—કડખાની )

બંધનો મોહના સહજમાં તોડિયા ક્ષણુ ન લાગી તિહાં વાર જિનને
રાજ્ય વૈભવ અને મિત્ર સદ્બંધુજન આત્મરિપુ ભાસિયા જેહ મનને
મૃદુલ શય્યા અને સ્વાદુરસ ભોજનો લાગિયા નિજ મને જે અકારા
છત્ર ચામર અને અમિત સેવક જનો જાણિયા બંધનો આત્મકેરા ૧
તનુ ગણી સેવિકા ભોગ્ય ફલ કર્મના ભોગવા કાર્યકારી રહી છે
તેહને સાચવું કર્મફલ ચુકવવા મુક્ત થાવા સ્વયં તે વહી છે
સિંહસમ ગર્જના કર્મની તર્જના સાધવા સર્જના આત્મકેરી
મરણુને શરણુ લાવવા પ્રભુ નીકળ્યા આદરી સાધના જે અનેરી ૨
આત્મનું ધ્યાન સિદ્ધાંત જ્ઞાનોતણા જાણવા આદર્યું તપ અનેરું
ચાલિયા વન વિષે સાધવા તપ ઘણા પંચમ જ્ઞાન ઐશ્વર્ય સારું
કંટકો થઇ અધોમુખ ધરી સેવતા પ્રભુતણા ચરણુને મૂકભાવે
દિનમણી પણ સ્રવે શીત કિરણો પ્રભુ અંગને શાંતિ શીતલ બનાવે ૩
વાયુ જે તરુતણા વીંઝણે વીંઝતો પ્રભુતણી ભક્તિ પ્રગટે સ્વભાવે
તરુલતા ગંધ પુષ્પો સમર્પે ઘણા પ્રભુતણા ચરણુમાં ભક્તિ ભાવે
સ્વાદુ ફલ અર્પવા તરુગણો નિજતણા ભાવ નિજ ચિત્તના પ્રગટ કરતા
ખગગણો પંચમ સ્વર ઘણા ભાવથી ગાન આલાપતા ભક્તિ ધરતા ૪
મુગ્ધ ભાવે વદે રમ્ય બિરુદાવલિ સ્વાગતે પ્રભુતણા સજ્જ થઇને
ભક્તિ પુષ્પાંજલિ નાદ રમ્યા તિહાં અર્પણા આદરે અગ્ર જઇને
સહુ નિસર્ગે કરી પાદપૂજા તિહાં વીર પ્રભુ અગ્રમાં ભાવ ધરતા
પુલકિતાંગે થયા આત્મભાવે રહ્યા દર્શનાતુર અણુશાંતિ વરતા ૫
અષ્ટકર્મો સહુ મૂંઝતા મન વિષે માનતા અંત નિજ સમિપ આવ્યો
પીડતા બહુપરે વીર આત્માતણે કાલ બહુલો અનંતો ગુમાવ્યો
મારવા કર્મરિપુ જે થયા સજ્જ બહુ સંયમાસ્ત્રો ધરી વીર અંગે
કઠણુ તપ સાધના આત્મસંબોધના મોહના શસ્ત્ર સહુ નેહ ભંગે ૬
મદન નિજ રદનમાં તૃણુ ધરી ચરણુમાં શરણુ જઇ ધ્રૂજતો દૂર નાસે
ક્રોધ સમ જોધ પણુ બોધ ખોઇ રડે વીર હુંકાર નિજ મૃત્યુ ભાસે
મદ ગયો રૂદન કરતો ફરે જગતમાં વીરતનુને તજી દૂર નાઠો
ત્યાગમૂર્તિ પ્રભુ લોભ ત્યાં શું કરે શક્તિ જઇ પતિત થઇ નષ્ટ હેઠો ૭
જગતને છોડતા મોહ મદ મોડતા જોડતા સચ્ચિદાનંદ ભાવે
રમણુ થઇ આત્મના શુદ્ધ સંગીતમાં ધ્યાનથી આત્મઆનંદ આવે
સર્વ પુદ્ગલતણો ગાઢ સંબંધ જે બંધકારક હતો એ અનાદિ
અતુલ બલ ફોરવી આત્મબલ કેળવી અંત આણીજ સાધી સમાધિ ૮
ઇંદ્રિયો રોધતા સત્યપથ શોધતા પામિયા માર્ગને શુદ્ધ બોધી
તપ તપ્યા બહુ પરે અમિત ઉપસર્ગની ફોજને શૌર્યથી દૂર રોધી
અમર બહુ સ્વર્ગથી ઉતર્યા વાંદવા એહવા પ્રભુતણા ચરણુકમલે
વીર નિષ્ક્રમણુ બાલેન્દુ મન જે વર્યું નિત્ય વંદન હજો ત્રણ્ય કાલે ૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રીમદ્ દેવચંદ્રજીકૃત અતીત ચોવીશી મધ્યે

# બાવીશમા શ્રી શિવકર જિન સ્તવન–સાર્થ

સં—ડોકટર વલ્લભદાસ નેણશીભાઇ–મોરબી.

**શિવકર જિનવર દેવ, સેવ મનમાં રમે હો લાલ,**
**સેવ મનમાં રમે,**
**તન્મયતાએ ધ્યાય, તેહ ભવભય વમે હો લાલ,**
**તેહ ભવ ભય વમે હો લાલ,**
**ત્રિપદી પ્રરૂપી સાર, જગત જન તારવા હો લાલ,**
**જગત જન તારવા હો લાલ,**
**દ્રવ્ય અનંત પર્યાય પ્રમેય વિચારવા હો લાલ,**
**પ્રમેય વિચારવા હો લાલ. ॥ ૧ ॥**

**સ્પષ્ટાર્થ:**–સકલ અશિવ દૂર કરી સર્વ પ્રકારે શિવ કરવાવાળા એવા શિવકર નામે બાવીશમા તીર્થંપતિ કેવળજ્ઞાન–દર્શનાદિ ગુણે દેદીપ્યમાન દેવની આજ્ઞાનું સેવવું, તે મારા મનમાં રમે છે અથવા ભવિજીવોના મનમાં રમો કે જેની આજ્ઞા સેવવાથી આત્મા શિવપદ પામે છે પણ એ પ્રભુની સેવા તન્મયતાએ ધ્યાય કહેતાં પ્રભુજી જેમ રાગ–દ્વેષ છોડી શુદ્ધ સ્થિર સમ પરિણામે જ્ઞાન–દર્શન–ચરણાદિ આત્મગુણોમાં રમ્યા તે જ પ્રમાણે ભવિ જીવ પણ રાગ દ્વેષ છોડી સમપરિણામી થઇ મુખ્ય દર્શન, જ્ઞાન, ચરણમય–આત્મસ્વભાવમાં સ્થિર યોગે રમે તો સકલ ભવ ભય વમે એટલે ભવ કરવાનો ભય તેને રહે નહીં અને નિર્વાણ પદ પામે–કરુણાના ભંડાર જિનેશ્વરે જગત જીવોને તારવા માટે પ્રથમ સારરૂપે ત્રિપદી પ્રરૂપી અને સર્વ તીર્થંકરો અનાદિથી પ્રથમ ત્રિપદી જ પ્રરૂપે છે કે જેથી ભવિ જીવ આત્મ અનાત્મ સ્વરૂપ ભિન્ન જાણી પોતાનો ઉપયોગ આત્મશુદ્ધતામાં સ્થિર કરી શકે છે. જ્યાં સુધી શુદ્ધાત્મસ્વરૂપનું જ્ઞાન ન હોય ત્યાં સુધી પુદ્ગલાદિ પર દ્રવ્યની મમતા અને મિથ્યાત્વ–અવિરતિ આદિ કર્મબંધના કારણો શરૂ કરી આઠે પ્રકારે કર્મબંધ થયા કરે છે પણ જ્યારે ભિન્ન ભિન્ન દ્રવ્યની ઉત્પાદ, વ્યય અને ધ્રુવતારૂપ પરિણતિ ભિન્ન ભિન્ન જાણે ત્યારે પરદ્રવ્ય ઉપર મમતા શાની રહે? અને પરદ્રવ્યમાં આપણું કાર્ય કેમ મનાય? અને પરદ્રવ્યમાં આપણું કાર્ય મનાય નહીં ત્યારે રાગ–દ્વેષ અને શુભાશુભ સંકલ્પો પણ ઉપજે નહીં એટલે જીવ શુકલધ્યાન પામી પ્રથમ ઘાતી કર્મનો નાશ કરી આખર સિદ્ધિ પામે. ત્રિપદી એટલે પંચાસ્તિ દ્રવ્ય સકલ સમય આપઆપણા પૂર્વ પર્યાયનો વ્યય, નવીન પર્યાયનો ઉત્પાદ્ અને સત્તાનું ધ્રુવ રાખવું કરે છે. એટલે નવે નવે સમય નવી નવી પરિણતિ કરે છે અને મૂલ ગુણે ધ્રુવ રહે છે. કોઇ દ્રવ્ય કોઇ અન્ય દ્રવ્યના પૂર્વ પર્યાયનો વ્યય, નવીન પર્યાયનો ઉત્પાદ્ અને તેની સતાનું ધ્રુવ રાખવું કરી શકતો નથી તેથી સર્વ દ્રવ્યની સામાન્ય વિશેષ શક્તિ સાક્ષાત્કાર ભિન્ન જણાય છે ત્યારે ભવિ જીવને મમતા ટળી જાય છે અને મમતા વિના રાગ દ્વેષ રહેતા નથી. એટલે સુખે સંજમ સાધી સિદ્ધિ પામે છે. દ્રવ્ય વિષે ભગવંતે કહ્યું–**उपन्ने वा–विगमे वा–ध्रुवे वा** એટલા ઉપરથી ગણધરો એક મુહૂર્તમાં દ્વાદશાંગીની રચના કરે છે અને દ્વાદશ અંગવડે જગતમાં બોધનો વિસ્તાર કરાય છે, આપણે પણ વસ્તુની ત્રિપદી સાંભળીએ તો પરદ્રવ્યનું મમત્વ રમી ઉપયોગ આત્મશુદ્ધતામાં સ્થિર થાય છે માટે ત્રિપદીનો અર્થ વિચારી પરદ્રવ્યથી ભિન્ન આત્મશુદ્ધતા જાણી, આત્મશુદ્ધતાના કામી થઇ સિદ્ધિસુખ સાધવું. પ્રભુજીએ તીર્થંકરનામકર્મના ઉદયવડે ભવિ જીવોને તારવા ત્રિપદી પ્રરૂપી, તો આપણે તેમનો પરમ ઉપકાર સન્માની તેમની આજ્ઞા સમય માત્ર પણ ન ચૂકતાં સેવવી. ત્રિપદીનો પૂર્ણ ભાવાર્થ તો કેવળ પોતાના કેવળજ્ઞાનમાં જાણે છે. અને આદેશ વિશે શ્રુતજ્ઞાની પણ પૂર્ણ ભાવાર્થ શ્રદ્ધાગોચર જાણે છે અને દ્રવ્યથકી દૃષ્ટિવાદ અંગમાં કહ્યા પ્રમાણે અર્થ છે, પણ અહીંયા સંક્ષેપથી જણાવીએ કે પંચાસ્તિ દ્રવ્યના પ્રતિપ્રદેશે સ્વસ્વ કાર્ય કરવાના કરણરૂપે અસ્તિપણે છતિ પર્યાય તીરોભાવે (ગુપ્તપણે) અનંતા અનંતા છે, જેમ જીવ દ્રવ્યના અસંખ્યાતા પ્રદેશ છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે દરેક પ્રદેશે જાણુવારૂપ કાર્ય કરવાના છતિ પર્યાય અનંતા, દેખવારૂપ કાર્ય કરવાના છતિ પર્યાય અનંતા, આચરણ–રમણરૂપ કાર્ય કરવાના છતિ પર્યાય અનંતા, વીર્ય અચલ રાખવારૂપ કાર્ય કરવાના છતિ પર્યાય અનંતા, તેમ દાન દેવારૂપ, લાભ લેવારૂપ, ભોગ–ઉપભોગ ભોગવવારૂપ સુખ આનંદાદિ અનંત કાર્ય ધર્મના છતિ પર્યાયો પ્રતિ પ્રદેશે અનંતા અનંતા અસ્તિપણે છે; તે છતિ પર્યાયોમાંથી સમય પામીને અનંતા પર્યાયો સ્વકાર્ય કરવાને આવિર્ભાવે ઉપજે અને પ્રથમ સમય જે પર્યાયો આવિર્ભાવે આવેલા હોય તે આવિર્ભાવથી વિણસી તીરોભાવે જાય અને તીરોભાવે રહેલા પર્યાયોમાંથી કેટલા આવિર્ભાવે ઉપજી કાર્ય કરે. ઉક્તં ચ "**उत्पादव्ययध्रुवयुक्तं सत्लक्षणं द्रव्यं**" એટલે નવા પર્યાયનું ભવન અને પૂર્વ પર્યાયનાં વ્યય વિના કોઇ પણ કાર્ય થઇ શકતું નથી. ઉત્પાદ વ્યય થઇ કાર્યનું કરવું એ જ દ્રવ્યની સત્તા છે પણ પરપર્યાયનું ભવન–વ્યય કોઇ અન્ય દ્રવ્ય કરી શકતું નથી. એમ જાણ્યા પછી આપણું કાર્ય પરદ્રવ્યમાં ભાસે નહીં તો પરદ્રવ્ય ઉપર રાગ–રોષ પણ રહે નહિ. એ ઉત્પાદ, વ્યય, ષટ્ગુણ હાનિ વૃદ્ધિપણે થાય છે, તે બીજા ગ્રંથોથી જાણી લેવું. ત્રિપદી વડે જ અનંત દ્રવ્યના અનંત પર્યાયના પ્રમેયનો બોધ થાય છે માટે પરમ ઉપકારી પ્રભુજીએ ત્રિપદી પ્રરૂપી, એ સમાન બીજો ઉપકાર નથી. (૧)

**જગમાં દ્રવ્ય અનંત, ઉત્પત્તિ વ્યય ધ્રુવ રહે**
**હો લાલ, ઉત્પત્તિ વ્યય ધ્રુવ રહે હો લાલ,**
**જે જે જેહના તે તેહના, તેહમાંહી લહે હો લાલ,**
**તેહમાંહિ લહે હો લાલ,**
**જાણી ભેદ વિભાવ, અનંતને જે નરા હો લાલ,**
**અનંતને જે નરા હો લાલ,**
**પામે પૂર્ણાનંદ, આતમસંપત્તિ ધરા હો લાલ,**
**આતમસંપત્તિ ધરા હો લાલ. ॥ ૨ ॥**

**સ્પષ્ટાર્થ**:–જગતમાં એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ, અનંતા જીવ, તથા અનંત પુદ્ગલ એ પાંચ પ્રકારે અનંત અસ્તિ દ્રવ્ય છે, અને કાલ તે પંચાસ્તિનો વર્તના પર્યાયરૂપ અનંત દ્રવ્ય ઉપચારથી છે અને ધર્માસ્તિકાયાદિ પાંચે અસ્તિ દ્રવ્ય સર્વે સમય આપ આપણા ઉત્પાદ, વ્યય, ધ્રુવ સહિત રહે છે.

જેના અંદર ઉત્પાદ–વ્યય–ધ્રુવ સમકાલે હોય તેને સત્ય દ્રવ્ય કહીયે. પોતપોતાનું ઉત્પાદ–વ્યય–ધ્રુવપણું કોઇ સમય અન્ય દ્રવ્યમાં જાય આવે નહીં એમ જેનો ઉત્પાદ–વ્યય તેનો તેનામાં સમકિતદૃષ્ટિ જાણે. કોઇ દ્રવ્યનો ઉત્પાદ–વ્યય અને ધ્રુવપણું કોઇ અન્ય દ્રવ્યમાં જતું આવતું નથી એમ જાણી સમકિતી જીવ અનંત વિભાવ ભેદે તે પુરુષ કેવળજ્ઞાનાદિ આત્મસંપદાની ધરા કહેતાં સત્તાભૂમિને જાણી પૂર્ણાનંદ પામે. (૨)

**ઉત્પત્તિ વ્યય ધ્રુવ ધર્મ, અનંતા દ્રવ્યના હો લાલ,**
**અનંતા દ્રવ્યના હો લાલ,**
**લખે ત્રિકાલિક ભાવ, ટળે મતિ ભર્મના હો લાલ,**
**ટળે મતિ ભર્મના હો લાલ,**
**દુવિધ લહ્યા ઉત્પાદ, પ્રયોગજ વિશ્રસા હો લાલ,**
**પ્રયોગજ વિશ્રસા હો લાલ**
**ગઇ મમતા તસ દૂર, લહી આતમ રસા હો લાલ,**
**લહી આત્મ રસા હો લાલ. (૩)**

**સ્પષ્ટાર્થ**:—જે જીવ પંચાસ્તિ દ્રવ્યના ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ધર્મ જાણે તેણે અનંતા દ્રવ્યના ત્રિકાલિક ભાવ જાણ્યા અને તેને કોઇ પ્રકારની મિથ્યાભાવરૂપ મતિભ્રમના રહે નહીં. પ્રયોગસા અને મિશ્રસા એમ બે પ્રકારે ઉત્પાદ વ્યય છે. જીવપ્રયોગે પુદ્ગલોમાં જે જે ઉત્પાદ વ્યય થાય તે પ્રયોગસા ઉત્પાદ વ્યય કહેવાય અને પંચાસ્તિમાં સ્વયં સ્વભાવે જે જે ઉત્પાદ વ્યય થાય, તે વિશ્રસા ઉત્પાદ વ્યય કહેવાય. જે જીવને પર ઉત્પાદ વ્યયની મમતા ગઇ તે જ્ઞાન–દર્શન–ચરણાદિ અનંત સ્વગુણનું સ્થાનક એવી આતમશુદ્ધતા ભૂમિ પામ્યો, પામે છે અને પામશે. (૩)

**ઉત્પત્તિ વ્યય ધ્રુવ શક્તિ, સર્વમાં સહુ સમે**
**હો લાલ. સર્વમાં૦**
**જે જન જાણે શુદ્ધ, મિથ્યામતી તે વળે**
**હો લાલ. મિથ્યા૦**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અસ્તિપણે છે પંચ, દ્રવ્ય જગ શાશ્વતા**
**હો લાલ. દ્રવ્ય૦**
**નિજ નિજધર્મે અસ્તિ, રહે પર નાસ્તિતા**
**હો લાલ. રહે૦ ॥ ૪ ॥**

સ્પષ્ટાર્થ:–સર્વ દ્રવ્યમાં ઉત્પતિ–વ્યય–ધ્રુવ શક્તિ સકલ સમય છે એમ જે શુદ્ધ રીતે નિઃશંકપણે જાણે અને જે જેની તે તેનામાં માને તેને મિથ્યામતિ રહે નહીં અને પરિણામથી મિથ્યાત્વ ગયા પછી સત્તામાં પણ રહેલાં મિથ્યાત્વના દલીયાં તે પણ ક્ષય થાય. જગતમાં પંચાસ્તિ દ્રવ્ય સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાલ-ભાવ અસ્તિપણે શાશ્વતા છે તેમાં પરદ્રવ્યાદિક રૂપે ન થવાનો સ્વભાવ પણ અસ્તિપણે છે. તેને નાસ્તિ સ્વભાવ કહીએ એટલે સ્વધર્મે છતા રહે પણ પરધર્મ-રૂપે થાય નહીં એ દ્રવ્યનું અસ્તિપણું તે પ્રથમ સામાન્ય સ્વભાવ જાણવો. (૪)

**નિજ નિજ વસ્તુ સ્વભાવ, ન છંડે કો કદા**
**હો લાલ. ન છંડે૦**
**હવે નિજ પર્યાય, રૂકે નહિ કો કદા હો લાલ. રૂકે૦**
**સહજ પ્રમેય પ્રમાણ, સદા સહુ પરિણમે**
**હો લાલ. સદા૦**
**અગુરૂલઘુ પર્યાય, સ્વીકાર્યમાં સહુ સમે**
**હો લાલ. સ્વકાર્યમાં (૫)**

સ્પષ્ટાર્થ:–(૨) સર્વ દ્રવ્ય આપ આપણો વસ્તુ-સ્વભાવ કોઈપણ કદાપિ છોડે નહીં તે વસ્તુત્વ કહેવાય.

(૩) દ્રવ્યમાંહે જનક સ્વભાવ છે તે સકલ સમય છતી પર્યાયોને સામર્થ્યપણે ઉપજાવે અને સામર્થ્ય પર્યાયને પોતામાં જ તીરોભાવે સમાવે એમ છતી અને સામર્થ્ય એ ભેદે પર્યાયની ઉત્પત્તિ, વ્યય-પ્રવૃતિ કોઇ સમય પણ કોઇ રીતે રોકાય નહિ તે દ્રવ્યત્વ સ્વભાવ કહેવાય.

(૪) દ્રવ્યના સર્વે સ્વભાવો સર્વે સમય આપ આપણા પ્રમેય પ્રમાણે પરિણમે છે. કોઇ દ્રવ્યનો એક સ્વગુણ તે બીજા સ્વગુણનું કાર્ય કરે નહિ, અને પરદ્રવ્યના કોઈ ગુણનું કાર્ય પણ કરે નહિ, ને સ્વકાર્ય વિના કોઇ સમયે ખાલી પણ રહે નહિ. આપ આપણી મર્યાદા મૂકે નહીં. તેથી જ સકલ દ્રવ્ય–ગુણ–પર્યાયનું પ્રમાણ જ્ઞાનવડે કરી શકાય છે, એ પ્રમેયત્વ સ્વભાવ જાણવો.

(૫) ગુણોના છતી પર્યાયો પ્રદેશે પ્રદેશે અનંતા છે તે પરગુણ હાનિ–વૃદ્ધિપણે આવિર્ભાવે, તીરોભાવે સર્વે પ્રદેશે સર્વે સમય થયા કરે છે તેથી કોઇ દ્રવ્ય હલકો અગર ભારે થાય નહિ એવો અગુરૂલઘુ સ્વભાવ જાણવો. (૫)

**વિગમે પુરવ પ્રજાય, નઉતન ઉપજે હો લાલ,**
**॥ નઉતન૦ ॥**
**પણ ધ્રુવ શકિત સદાય, સત્વ લક્ષણ ભજે હો લાલ,**
**॥ સત્વ૦ ॥**
**એ સામાન્ય સ્વભાવ, તે જેહના તેહમાં હો લાલ,**
**॥ તે જેહ૦ ॥**
**વળી વિશેષ સ્વભાવ, તે જેહના જેહમાં હો લાલ.**
**॥ તે જેહના ॥ (૬)**

સ્પષ્ટાર્થ:—(૬) પૂર્વપર્યાય વિણસતાં અને નવા પર્યાય ઉપજતાં દ્રવ્ય આપ આપણું કાર્ય કરતાં છતાં પણ સત્તાને છોડતો નથી તે સત્વલક્ષણ છે. કહ્યું છે કે, "अर्थक्रियाकारित्वं द्रव्यं," જો દ્રવ્ય સર્વ સમય આપ આપણું કાર્ય ન કરે તો સત્વ-લક્ષણ કેમ રહે?

એમ સર્વે દ્રવ્યના છ મૂળ સામાન્ય સ્વભાવ તથા ઉત્તર સામાન્ય સ્વભાવ અનંત વિશેષ સ્વભાવ જે જેના તે તેનામાં જાણવા માનવા. કોઇ દ્રવ્યનો સામાન્ય અથવા વિશેષ સ્વભાવ કોઇ અન્ય દ્રવ્યમાં જાય આવે નહિ એમ જાણવાથી નિર્વિકલ્પ બોધ પ્રગટ થાય છે. (૬)

**લક્ષણ લક્ષ્ય અભેદ, ત્રિકાલપણે રહે હો લાલ,**
**ત્રિકાલ૦**
**એમ જાણી નર બુદ્ધને, મમતા નવિ રહે હો લાલ,**
**મમતા૦**
**આત્મજ્ઞાન વિણ મમત, મમતથી મિથ્યાત્વ છે**
**હો લાલ મમતથી૦**
**એહથી અવિરતિ હોય, પ્રમાદ કષાય છે હો લાલ.**
**પ્રમાદ૦ (૭)**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પષ્ટાર્થઃ—લક્ષ્ય કહેતાં દ્રવ્ય અને તેના અનંત પર્યાયરૂપ લક્ષણો તે દ્રવ્યથી ત્રિકાલે અભેદપણે હોય એમ જે જાણે તેને પરદ્રવ્ય ગુણ પર્યાયની મમતા રહે નહિ એટલે તેને પરદ્રવ્યાદિનો રાગ વ્યતીત થાય, જ્યાં સુધી આત્મશુદ્ધતાનું જ્ઞાન નથી ત્યાં સુધી પરદ્રવ્યાદિની મમતા રહે અને મમતા હોય ત્યાં સુધી મિથ્યાત્વ રહે અને તેથી અવિરતિ-પ્રમાદ-કષાયાદિ દોષો ઉપજે. જ્યારે આત્મશુદ્ધતાનું જ્ઞાન થાય ત્યારે મમતા અને મિથ્યાત્વ ટલે, ત્યારપછી અવિરતિ-પ્રમાદ-કષાયાદિ સર્વ દોષો નાશ પામે; માટે આત્મસિદ્ધતાનું મૂલ આત્મશુદ્ધતાનું જ્ઞાન છે એ વિના એકાંતે સાધ્યશૂન્ય ક્રિયા વિટંબનારૂપ છે (૭)

**જોગ ચપલતા કરિ નિજ, વીરજ ચલ કરે**
**હો લાલ, વીરજ૦**
**બંધે આઠે કર્મ, ગહન ભવવન ફરે**
**હો લાલ, ગહન૦**
**બાલ બાધક થયું વીર્ય, સાધકતા નવિ લહી**
**હો લાલ, સાધકતા૦**
**શિવકર દેવ હૃદયમાં, કરુણા લહ લહી**
**હો લાલ. કે કરુણા૦ ॥ ૮ ॥**

સ્પષ્ટાર્થ.—અવિરતિ, પ્રમાદ, કષાયાદિકે જોગ ચપલતા થાય છે અને જોગ ચપલતા વશે આત્મવીર્ય પણ ચલાયમાન થઇ જ્ઞાનાવરણાદિ આઠે કર્મનો બંધ કરી જીવ ઘેરા ભવવનમાં ફરતો સ્વતંત્રતા વિના અસહ્ય દુઃખ ભોગવે છે. આત્મશુદ્ધતાનું પૂર્ણ જ્ઞાન થયા પછી જીવને પરદ્રવ્યની સ્પૃહા, ઇચ્છા, કામના, મનોરથ થતો નથી માટે ત્રણે યોગ પૂર્ણ સ્થિરતા પામે છે, આત્મવીર્ય અચલ થાય છે. જે જે અંશે આત્મવીર્યનું અચલપણું થયું તે તે અંશે પૂર્વ કર્મબંધ વિલય થાય અને નવીન બંધ કરે નહીં. આત્મવીર્યની પૂર્ણ સ્થિરતાવડે પૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થાય, માટે શુદ્ધાત્મ જ્ઞાનમાં લયલીન થવું, એ જ શ્રેય છે. કોઇ કહેશે કે હું આત્મજ્ઞાની છું પણ તે રાગ-દ્વેષમાં વર્તતા હોય તો તેને પૂર્ણ આત્મજ્ઞાની જાણવો નહીં પણ જે જે અંશે રાગ ગયો તે તે અંશે આત્મશુદ્ધતા પ્રગટ થાય છે અને તેટલું જ આત્મજ્ઞાન જાણવું અને જ્યાં આત્મશુદ્ધતા પૂર્ણ પ્રગટ થઇ ત્યાં રાગનો અંશ માત્ર રહેતો નથી. પૂર્ણ ક્ષાયક વીતરાગતા પ્રગટ થઇ એટલે મોહનીયકર્મનો નાશ થયો અને બારમા ગુણઠાણાના છેલ્લા એ સમયમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો નાશ થાય છે અને બાકીના ચાર અઘાતી કર્મ રહ્યાં તે સ્થિતિએ નાશ થાય છે એમ જીવને પરમાનંદ પ્રાપ્ત થાય છે માટે જ્ઞાને કરી આત્મશુદ્ધતા વધારવી એ જ મોક્ષમાર્ગ છે. આત્માના જ્ઞાન-દર્શન-ચરણાદિ આત્માથી અભેદપણે રહેલા ગુણોને નિર્મળ કરવા તે આત્મશુદ્ધતા કહેવાય અને તે જ મોક્ષમાર્ગ છે. જે જે અંશથી રાગદ્વેષની ઉપાધિ ગઇ તે તે અંશે જ્ઞાન-દર્શન-ચરણરૂપ આત્મગુણના અંશો પ્રગટ થયા એમ જાણવું. આત્મજ્ઞાન વિના પરદ્રવ્યની મમતાએ આત્મવીર્ય બાલ બાધકભાવને પામ્યું, કરણવીર્યપણે પ્રવર્ત્યું, સાધકતા ભણી નહીં અને સાધ્ય ભણ્યો નહીં. સાધ્ય ભણ્યા વિના શું સાધે? સાધકતા ભણ્યા વિના કેવી રીતે સાધના કરે? માત્ર સાધ્યશૂન્ય ક્રિયા કરી શુભાશુભ પરિણામે ભવભ્રમણ કરે. એમ જાણી શિવકર દેવના હૃદયમાં કરુણારસ ઉભરાયો તેથી ભવિ જીવોને તારવા અર્થે ત્રિપદી પ્રરૂપી. (૮)

**શુદ્ધ અખંડિત સમાન, અમૃત ઘન વરસતા**
**હો લાલ. અમૃત૦**
**પ્રભુજી મેઘ સમાન, ભવ્ય દ્રગ દરસતા**
**હો લાલ. ભવ્ય૦**
**પૂજો શ્રી પ્રભુ અંગ, સુરંગે ઉમહી**
**હો લાલ. સુરંગે૦**
**દર્શન જ્ઞાન ચારિત્ર, સવીર્યઅચી સહી**
**હો લાલ. સવીર્ય૦ ॥ ૯ ॥**

સ્પષ્ટાર્થઃ—મેઘરૂપ પ્રભુજી શુદ્ધ સ્યાદ્વાદની દેશનારૂપ અખંડ અમૃતઘન ધારા વરસાવતા ભવિ જીવોના અજ્ઞાન, મિથ્યાત્વ, કષાયાદિ ભવદવ તાપ સમાવતા, શુદ્ધાત્મ ભાવમાં સ્થિરતા કરાવતા ભવિ સમકિતીની દ્રષ્ટિમાં અમૃતમેઘ સરખા દેખાય છે. પ્રભુજીનું અંગ પૂજો એટલે જ્ઞાન-દર્શન-ચરણ-વીર્યાદિ અનંત શુદ્ધ ગુણમય પ્રભુજીના અરૂપી અંગને પરમ આદરે, મનને

For Private And Personal Use Only

સુરંગે એ સમ શુદ્ધ ધ્યેય જાણી આનંદ સહિત પૂજો તથા દેશનાનું કારણ એવાં પ્રભુજીના ઔદારિક અંગ. (૧) ચરણ (૨) જાનુ (૩) કર (૪) ભુજાબંધ (૫) શિર (૬) ભાલસ્થલ (૭) કંઠ (૮) હૃદય (૯) નાભિ એમ નવ મુખ્ય તથા તે સિવાય નયન-વદનાદિક પ્રભુના સર્વે અંગ સુગંધી દ્રવ્યે પૂજવા લાયક છે એમ જાણવું. એ અંગવડે જ દેશ-વિદેશ ફરી, શુકલધ્યાન કરી, કેવળજ્ઞાન ઉપજાવી આપણને શુદ્ધ સાધ્યના દેશના આપે છે, માટે પ્રભુના સર્વે અંગ બહુ સન્માને બહુવિધે પૂજવા લાયક છે. (૯)

જાણે ત્રિપદી શુદ્ધ તે ધ્યાન શુકલ લહે
હો લાલ. તે૦
ઘાતી કરમ ક્ષય જાય, અનંત ચતુષ્ક લહે
હો લાલ. અનં૦
એ વિણ ધર્મ ન શુકલ લહે, નહિ નર કદા
હો લાલ. લહે૦
તે માટે લહી ત્રિપદી, સુશિવ સાધો મુદા
હો લાલ. સુશિવ૦ ॥ ૧૦ ॥

સ્પષ્ટાર્થ.-જે ભવિ શુદ્ધ રીતે ત્રિપદીના ભાવ જાણે તેજ શુકલધ્યાન પામે અને શુકલધ્યાનનો બીજો પાયો ધ્યાતાં ચારે ઘનઘાતી કર્મનો નાશ કરે અને અનંત ચતુષ્ક પામે એમ દ્રવ્યના ઉત્પાદ, વ્યય, ધ્રુવાદિ ત્રિપદીના ભાવ જાણ્યા વિના જીવ ધર્મધ્યાન અને શુકલધ્યાન કદાપિ પામે નહીં તે માટે સિદ્ધાંત-માંથી ત્રિપદીના મુખ્ય ભાવ જાણી સદાયે આનંદ સહિત કર્મથકી મુકાવારૂપ મોક્ષ-માર્ગ સાધવો. (૧૦)

અંગપૂજા કરી એમ, આણા આરાધીએ
હો લાલ. આણા૦
લહી નિજ શુદ્ધ સ્વરૂપ, મોક્ષમગ સાધીયે
હો લાલ. મોક્ષ૦
મહાગોપ, મહામાહણ, શિવ સથ્થવાહ
હો લાલ. શિવ૦
નિર્યામક મહાવૈદ્ય, પરમ જગનાહ છો
હો લાલ. પરમ૦ ॥ ૧૧ ॥

સ્પષ્ટાર્થ:-ઉપર પ્રમાણે જિનેશ્વરના દુવિધ અંગની વિવિધ પ્રકારે પૂજા સન્માન કરી આજ્ઞા આરાધીએ અને પોતાનું શુદ્ધ સ્વરૂપ જાણી પુરુષાર્થ-પરાક્રમ કરી વીર્ય અચલ રાખી મોક્ષમાર્ગ સાધીએ. હે પ્રભુજી! તમે ભવિ જીવરૂપી ગાયોને સમ્યક્ત્વ બોધરૂપ સંજીવિની ચારો ચરાવી આત્મજીવનમાં સચેત કરી. નિર્વિઘ્નપણે મુક્તિરૂપ નગરે પહોંચાડો છો, માટે મહાગોપ છે. વળી તમે ષટ્કાયના જીવોને કોઇ પણ જીવ કોઇ પણ પ્રકારે હાનિ કરે નહીં, અને તેમના દ્રવ્ય-પ્રાણ તથા ભાવપ્રાણનું રખોપું કરે એવો માહણ-તાનો ઉપદેશ કરો છો, અને ગણધર આચાર્યાદિ મારફતે પણ માહણતાના ઉપદેશની પ્રેરણા કરાવો છો, માટે તમે પોતે જ મહામાહણ છો. વળી તમે ઉપદ્રવ રહિત શિવ સ્થાનકે પહોંચાડવા માટે શિવમાર્ગ કહેતાં માર્ગમાં ક્રોધ-મોહાદિક ચોરટા કાંઇ હરકત કરી શકે નહીં, એવા ઉપદ્રવ રહિત માર્ગે સ્યાદ્‌વાદનય શુદ્ધ નયે શુદ્ધાત્મ સ્વરૂપ જણાવી નિર્વિઘ્નપણે લઇ જાઓ છો માટે મોક્ષનગરના સાર્થવાહ છો. વળી તમે જ્યાં રાગ, દ્વેષ, મિથ્યાત્વ-અજ્ઞાનરૂપ ખારું, કડવું, ઝેરી જળ ભરેલું છે અને કષાયોરૂપ શ્વાપદોનું ભારે જોર છે તથા જેમાં અથાગ વિકલ્પોના કલ્લોલો ઉછળી રહ્યા છે તથા જ્યાં કામ વડવાનળ લાગી રહ્યો છે એવા ભરદરિયામાં ડૂબેલા જીવોને શુદ્ધ સંયમ જ્યાં જ્યાં લઇ આત્મ સત્તાસ્થલ આનંદપુરી નગરીમાં પહોંચાડો છો માટે નિર્યામક છો. વળી જગવાસી જીવોને લાગેલા અજ્ઞાન-મિથ્યાત્વ-અવિરતિ આદિ દુઃસાધ્ય રોગોને નાશ કરવા જ્ઞાન-દર્શન-ચરણરમણ મિશ્રિત ઉદાસીનતારૂપ મૃગાંકપુડીનું સેવન કરાવી ઉતાવળે તે રોગોને મટાડો છો માટે અમોઘ પરમ વૈદ્ય છો. વળી અશરણ-અનાથ ઉન્માર્ગે પડેલા એવા જગ-વાસી જીવોને સારણ-વારણ-ચોયણા-પડિચોયણા કરી કરાવી નિર્ભય સુખ સ્થાનકમાં લાવો છો માટે તમે જગતના નાથ છો. (૧૧)

ચરણ વદન કર નયણ, પરમ જિનરાજનાં
હો લાલ. પરમ૦
ભવિ જનને હોય સાજ, આતમ સુખ કાજમાં
હો લાલ. આતમ૦

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાથ કૃપાલ વિશાલ, મહા શુદ્ધ બોધથી
હો લાલ. બહા૦
ભવિ જન પામે સિદ્ધિ, તત્ત્વ નિજ શોધથી
હો લાલ. તત્ત્વ૦ ॥ ૧૨ ॥

સ્પષ્ટાર્થ:-પ્રભુજી, તમારા પરમ ચરણવડે દેશ-વિદેશ વિહાર કરી ભવિજીવોને સમ્યગ્જ્ઞાન ચારિત્રરૂપ ફલ આપો છો, તેથી તમે જંગમ કલ્પવૃક્ષ સમાન છો. વળી તમે તમારા વદનકમળવડે દ્વાદશાંગીની દેશના આપી શુદ્ધ સાધ્ય સાધન બતાવી ઉપકાર કરો છો. વળી તમારા પરમ કરકમલે કરી દીક્ષા-શિક્ષા આપી ઉપકાર કરો છો, વળી તમારા પરમ નયનકમલવડે ભવિ જીવો ઉપર અમૃતમય દ્રષ્ટિએ દેખી ભવિજીવોને દૃષ્ટિ શુદ્ધાત્મ સન્મુખ કરાવો છો એમ તમારા સર્વે અંગ અને સર્વે પુણ્ય અતિશય ભવિજીવોને પરમ ઉપકાર અને પરમ સમાધિનાં કારણ છે. વળી તમારા અંતરંગ આત્મિક ગુણો અને અંગમાં રહેલા પુણ્ય અતિશયના ગુણો આગળ મણિમય મુગટ કુંડલાદિકની શોભાના તો અમે શું વખાણ કરીએ? એવા અજીવ અને અસ્થિર પદાર્થની શી શોભા? એટલે તમારા અંતરંગ અને બાહ્ય સર્વે ઉત્તમ લક્ષણો ભવિજીવોને આત્મસુખ આપવામાં પુષ્ટ સહાયકારી કારણો છે. નાથનું મહાવિશાલ-કૃપાલપણું શુદ્ધ બોધથી અમને જણાય છે પણ જે ભવિ જીવ તમારા પરમ શુદ્ધ બોધને અતિ સન્માને આદરે અને તન્મય થઈ આત્મતત્ત્વની શુદ્ધતા કરે તે સિદ્ધ પામે. (૧૨)

પામે આતમ જ્ઞાન દોષ દુઃખ સહુ ટલે
હો લાલ. દોષ૦
સીઝે આતમકાજ અચલ કમલા મળે
હો લાલ. અચલ૦
પૂજ્યની પૂજા આપે, શિવઘર વાસને
હો લાલ. શિવ૦
દેવચંદ્ર મુનિ મનસૂખ, સહજ વિલાસને
હો લાલ. સહજ૦ ॥ ૧૩ ॥

સ્પષ્ટાર્થ:-તમારી આજ્ઞા સેવી જે જીવ આત્મ-બોધ પામે તેના સર્વે દોષો અને દુઃખો ટળે, અને આત્મકાર્ય સિદ્ધિ થાય, વળી કેવળ જ્ઞાનાદિ અચલ લક્ષ્મી મળે, એવા ત્રિભુવન પૂજ્ય શિવકર સ્વામીની સેવા શિવઘર વાસ આપવાવાળી છે. દેવમાં ચંદ્રમા સમાન શિવકરસ્વામી-મુનિઓના રાજાને મનના સુખ ઉમંગે કરી સેવતાં સહજ આત્મિક વિલાસ પામે. (૧૩)

---

વસ્તુ નાની છે એટલે તેની કીંમત ઓછી ન સમજશો. નાનકડો તણખો આખા નગરને રાખના ઢગલામાં ફેરવી નાંખે છે. નાનકડી કીડી પણ મહાકાય કુંજરને ધરાશાયી બનાવી શકે છે. એક નાનકડું છિદ્ર મહા-નૌકાને સાગર-સમાધિ અપાવી શકે છે. નાનકડો એવો અણુબોમ્બ સમસ્ત વિશ્વને થથરાવી મૂકે છે. આટલું સમજાય તો તમારો આત્મા અણોરણિયાન્ જે કહેવાય છે તેનું ખરેખરું મૂલ્ય તમને સમજાઈ જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પશ્ચિમના દેશોમાં જૈન ધાર્મિક અને દાર્શનિક સાહિત્યનો અભ્યાસ.*

પ્રોફેસર જયંતીલાલ ભાઈશંકર દવે. એમ. એ.

હિંદુસ્થાનમાં તો જૈનધર્મ છેલ્લા પચીસ સૈકાઓથી એક સતત, અવિરત ધર્મપ્રવાહરૂપે ચાલ્યો આવ્યો છે ત્યારે પશ્ચિમમાં તેની ઓળખાણ અને જૈન સાહિત્યનો સંશોધનાત્મક અભ્યાસ શરૂ થયાં ફક્ત ૧૫૦ વરસ જ થયાં છે! ઇ. સ. ૧૮૦૭ માં પહેલીજ વાર Asiatic Researches Vol. IX ના પાનામાં કોલીન મેકેન્ઝીએ "Account of the Jains" નામનો લેખ લખી પ્રસિદ્ધ કર્યો. ત્યાર પછીના દસકાઓમાં કોલ્બ્રુક અને વિલ્સન જેવા સંસ્કૃતજ્ઞ પંડિતોએ જૈનસાહિત્યનાં સંશોધન અને અભ્યાસ બહાર પાડવા માંડ્યાં પણ તેમની આ પ્રવૃત્તિના મૂળમાં આપણે જોઈ શકીએ છીએ કે આ અભ્યાસ જૈનધર્મના આદિ ગ્રંથો ઉપર રચાયેલો નહોતો. પશ્ચિમમાં સૌથી પ્રથમ જૈન ગ્રંથ જો પ્રસિદ્ધ થયો હોય તો તે ઇ. સ. ૧૮૪૭ માં હેમચંદ્રાચાર્યનો **અભિધાનચિંતામણિ** ગ્રંથ પીટર્સબર્ગ આવૃત્તિવાળો હતો. અને ઇ. સ. ૧૮૪૮ માં સ્ટીવન્સને લંડનમાં **કલ્પસૂત્ર**નું અંગ્રેજી ભાષાંતર પ્રસિદ્ધ કર્યું. **કલ્પસૂત્ર** પ્રાકૃતમાં લખાયેલ આગમ ગ્રંથ છે અને પશ્ચિમના વિદ્વાને પ્રસિદ્ધ કરેલ સૌથી પ્રથમ પ્રાકૃત ગ્રંથ છે.

આમ તો, ભારતીય સંશોધનકાર્યમાં તેમજ જૈનદાર્શનિક સંશોધનકાર્યમાં અંગ્રેજ વિદ્વાનોએ જ પહેલ કરી છે. પરંતુ તુરત જ જર્મની અને બીજા યુરોપીયન દેશોમાં જૈનધર્મ અને તેનાથી છૂટું ન પાડી શકાય એવું પ્રાકૃતસાહિત્ય, બન્નેનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ થવા લાગ્યો. બર્લિનના સંસ્કૃત–અધ્યાપક આલબર્ટ વેબરે એક બહુ જ મૂલ્યવાન અને પ્રથમતમ ભાષાશાસ્ત્રને લગતું પુસ્તક લખ્યું. મૂળ જર્મનભાષામાં વેબરે લખેલું, "A Fragment of the Bhagavati" (જર્મન આવૃત્તિ–૧૮૬૫) એ પુસ્તકમાં બરાબર વૈજ્ઞાનિક ઢબે શ્વેતાંબર પ્રણાલિકા પ્રમાણે ભગવતીસૂત્રનો અને સાથોસાથ પ્રાકૃતભાષાનો અભ્યાસ જોવામાં આવે છે. વેબરે જે વૈજ્ઞાનિક ઢબે પ્રાકૃતનું સંશોધન કરેલું છે, તેમાં તેના અનુગામીઓ માટે પણ ખૂબ સમય પર્યંત આધારરૂપ થઇ પડયું છે. તેણે લખેલ "On the Sacred Scriptures of the Jainas" (જર્મન આવૃત્તિ ૧૮૮૩–૮૫) અને બીજું "Catalogue of the Prakrit Manuscripts in the Royal Library in Berlin" (જર્મન આવૃત્તિ. ૧૮૮૮–૯૨)—આ બન્ને આગમનો સૌથી પ્રથમ કરાયેલો સર્વાંગી અભ્યાસ જોવામાં આવે છે. હિંદુસ્તાનમાં પણ લગભગ આ જ સમયે શ્વેતાંબર સંપ્રદાયના જૈનાગમોની પહેલી સંપૂર્ણ આવૃત્તિ બહાર પડી. (ઇ. સ. ૧૮૮૦).

પરંતુ વેબરનું સંશોધનકાર્ય બ્યુહલરના પરિશ્રમને આભારી છે. જો બ્યુહલરે પ્રતો એકઠી કરીને બર્લિન મોકલવાનું કાર્ય કર્યું ન હોત તો વેબર તેના સંશોધનોના હેવાલો તૈયાર પણ ન કરી શકયો હોત. પશ્ચિમના દેશોમાં તો ભારતીય સંશોધનના ક્ષેત્રમાં બ્યુહલરનુ સ્થાન આદિગુરુના જેવું છે, કારણ કે તેની પ્રવૃત્તિઓથી જ બીજાઓને માર્ગદર્શન થયું છે. હજુ હમણાં જ "હેમચંદ્રાચાર્યનું જીવનચરિત્ર" જર્મન ભાષામાંથી અંગ્રેજીમાં અનુવાદિત થયું છે. આ અનુવાદ "સીંધી જૈન સીરીઝ" માં પ્રસિદ્ધ થયો છે. આ ઉપરથી એક વાત પુરવાર થાય છે કે વખત ગમે તેટલો વહી જાય પણ જૈન સાહિત્યનું વૈજ્ઞાનિક દૃષ્ટિએ મૂલ્ય જરા પણ ઘટતું નથી, બલ્કે એટલું જ અથવા મહત્તર રહે છે જ.

* અંગ્રેજીમાં Studies In Jainism in the West; By Dr. F. R. Hammના લેખનો અનુવાદ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે, પશ્ચિમના દેશોમાં જૈનદર્શન ઉપર લખાયેલા ગ્રંથો કેટલા છે અને કેટલા પ્રસિદ્ધ થયા છે તેનું લાંબુ વર્ણન અહિં આપવું શકય નથી. માત્ર આ કાર્યના થોડાક પ્રવાહો બનાવીને સંતોષ પામવો પડશે. સમગ્ર જૈનદર્શનના સિદ્ધાંતો યુરોપની ત્રણે મુખ્ય સંશોધન કરતી ભાષાઓ જેવી કે અંગ્રેજી, ફ્રેંચ અને જર્મનમાં ગ્રંથસ્થ થઇ ચૂકયા છે. ડૉ. વૉન ગ્લાસેનાપનું પુસ્તક તો મુખ્યત્વે મધ્યકાલીન સમયના સંસ્કૃત ગ્રંથો પર આધાર રાખે છે, ત્યારે ડૉ. શુબ્રીંગનું પુસ્તક પહેલી જ વાર પ્રાચીન પ્રાકૃત આગમો પ્રમાણે લખાયેલું છે. આ બન્ને પુસ્તકો જર્મનભાષામાં લખાઇ પ્રસિદ્ધ થઇ ચૂકયાં છે. આમ બનવાથી હિંદુસ્થાનના માણસો, ખાસ કરીને જૈનો તેનો લાભ ઉઠાવી શકતા નથી તે શોકની વાત છે, કારણ કે જર્મન ભાષાથી તેઓ અજ્ઞાન છે. યુરોપમાં પ્રાકૃત ભાષાનો કોઇ મોટો શબ્દકોશ પણ નથી પ્રસિદ્ધ થયો. જો કે પીશલે હેમચંદ્રાચાર્યની બહુમૂલ્ય '**દેશીનામમાલા**'-ની આવૃત્તિ બહાર પાડી છે. ઘણુંખરૂં દરેક પ્રાકૃત ગ્રંથ જે યુરોપમાં બહાર પડે છે તેમાં શબ્દોના અર્થ અને પર્યાયો આપવામાં આવે છે. વળી સૌથી પ્રથમ પ્રાકૃત ભાષાઓનું સર્વાંગી વ્યાકરણ તૈયાર કરનાર પણ પીશલ જ છે, કે જે વ્યાકરણ હજુ સુધી પણ સર્વોત્કૃષ્ટ છે. (ઇ. સ. ૧૯૦૯) આમ તો, ઘણા ય જૈન ગ્રંથોનું સંપાદન થઈ ગયું છે, કેટલાક ગ્રંથો અંગ્રેજીમાં, કેટલાક ગ્રંથો જર્મન ભાષામાં અનુવાદિત થઇ ગયા છે. આ કાર્ય જેકોબી, લેનમાન, શુબ્રીંગ, કિરફેલ અને બીજા અનેક વિદ્વાનોએ કર્યું છે. વળી ઉપરોક્ત વિદ્વાનો માંહેના એકે તો Indian cosmography (વિશ્વરચના વર્ણન શાસ્ત્ર)નું એક માત્ર પ્રમાણભૂત પુસ્તક લખ્યું છે અને તેનો મોટો ભાગ જૈન દર્શનને સ્પર્શે છે અને શ્વેતાંબર તથા દિગંબર બન્નેના મતનો ઉલ્લેખ કરે છે.

જ્યારે અત્યાર સુધી આપણે જે ચર્ચા કરી તેમાં મુખ્યત્વે એમ દેખાયું છે કે ઘણાખરા વિદ્વાનોએ જૈન આગમો ખાસ કરીને શ્વેતાંબર પર લક્ષ દોડાવ્યું છે ત્યારે કથા સાહિત્ય કે જે સંસ્કૃત, પ્રાકૃત, અને અપભ્રંશ ભાષાઓમાં લખાયેલું છે તે પણ કેટલાક દસકાઓથી સંશોધનનો વિષય બની ચૂકયું છે. ડૉ. જેકોબીએ તો પ્રાકૃત અને સંસ્કૃતભાષાઓમાં લખાયેલી કેટલીએ લાંબી કથાઓનું સંપાદન કરી નાંખ્યું છે. તદુપરાંત પાશ્ચમમાં અપભ્રંશભાષાના તલસ્પર્શી અભ્યાસના સ્થાપક પણ જેકોબી જ છે. ખાસ કરીને અપભ્રંશભાષાના સંશોધનક્ષેત્રમાં શ્વેતાંબર અને દિગંબર મંતવ્યોનો તુલનાત્મક અભ્યાસ કરાયો છે. આ હકીકતના અનુસંધાનમાં, ડૉ. એલ્સૉર્ફ સંપાદિત **હરિવંશપુરાણ**નો ઉલ્લેખ કરવો ખાસ જરૂરી છે, કારણ કે આમાં ટિપ્પણી સહિત મૂલ વસ્તુ છે એટલું જ નહિ પણ જેટલી મળી શકે તેટલી પ્રતો ઉપરથી જૈન હરિવંશની સર્વતોમુખી સમીક્ષા કરવામાં આવી છે. શ્વેતાંબર અને દિગંબર બન્નેના કથા સાહિત્ય વચ્ચે ઘણો જ રસિક અને પરસ્પરસદૃશ સંબંધો છે એટલું જ નહિ પરંતુ બૌદ્ધ અને બ્રાહ્મણ કથા સાહિત્ય સાથે પણ ઘણું જ સાદૃશ્ય જોવામાં આવે છે.

આ ઉપરથી કોઇએ એમ માની લેવાનું સાહસ ન કરવું જોઇએ કે, ભારતીય પ્રાચ્યવિદ્યાસંશોધનના જૈન વિભાગના સંશોધનનું કામ કેવળ પશ્ચિમે જ કર્યું છે. અહિં અમારા લેખનો ઉદ્દેશ માત્ર એટલો જ છે કે **બીન-ભારતીય** વિદ્વાનોએ કેટલું સંશોધન કર્યું છે. હિંદુસ્થાનમાં તો પુષ્કળ સંસ્કૃતજ્ઞ અને પ્રાકૃતજ્ઞ વિદ્વાન પંડિતોએ આ ક્ષેત્રમાં ઘણું જ સરસ કામ કરેલું છે અને ખાસ કરીને જૈનસાહિત્યમાં; પરંતુ પ્રાચ્ય વિદ્યાના કોઇ પણ સંશોધન ક્ષેત્રમાં નથી બન્યું તેવું જૈન વિભાગમાં બની શકયું છે અને તે એ છે કે ભારતીય વિદ્વાનો અને જૈન સંઘના સાધુ વિદ્વાનોએ કરેલા સંશોધન કાર્યમાં સીધી રીતે અથવા પરોક્ષ રીતે યુરોપીય વિદ્વાનોએ પણ સહૃદય સાથ આપ્યો છે. અને આપણે એવી ઇચ્છા રાખીએ-જો કે આ પરસ્પર સાથ આવશ્યક છે કે ભવિષ્યમાં પણ પૂર્વ પશ્ચિમના વિદ્વાનો સાથે મળીને સંશોધન કાર્ય આગળ ધપાવશે.

આ વાત બહુ જ જરૂરી પણ છે, કારણ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## શિક્ષણપ્રેમીના સ્વર્ગવાસ

શાસનદીપક મુનિવર્ય શ્રી વિદ્યાવિજયજી મહારાજ શિવપુરી મુકામે મા. વ. ૧૨ મંગળવારે કાળધર્મ પામ્યાના સમાચારની નોંધ લેતા અમો દિલગીરી વ્યકત કરીએ છીએ.

તેઓશ્રીના કાળધર્મથી જૈન સમાજને કદી ન પૂરી શકાય તેવા એક સમર્થ શિક્ષણપ્રેમી, વ્યવસ્થાપક અને વિદ્વાન સાહિત્યકારની ખોટ પડી છે.

સ્વ. આચાર્ય વિજયધર્મસૂરીશ્વરજીએ જૈનધર્મનો દેશવિદેશમાં પ્રચાર કરવામાં અને જૈન શિક્ષણ તથા સાહિત્યની ઉજ્વળ સેવા બજાવવામાં જે યશ સંપાદન કર્યો છે, તેમાં તેઓશ્રીના એક સમર્થ શિષ્યરત્ન તરીકે મુનિ શ્રી વિદ્યાવિજયજી મહારાજનો પણ નોંધપાત્ર ફાળો હતો. એક પરમ ગુરુભક્ત તરીકે તેઓ હર-હંમેશ જાગૃત રહેતા. ગુરુદેવના કાર્યોને અપનાવવા માટે તેઓ અવિરતપણે ઝઝૂમ્યા અને પોતાનું કર્તવ્ય બજાવતા દેહ છોડ્યો. શિવપુરીનું વીરતત્વ પ્રકાશક મંડળ, આજે જે વિકાસ સાધી શકયું અને એક કોલેજની કક્ષાએ પહોંચી સરકારી ગ્રાન્ટ મેળવવા સુધી શક્તિશાળી બન્યું હોય તો તે પૂ. વિદ્યાવિજયજી મહારાજની કર્તવ્યપરાયણતાને આભારી છે.

શિક્ષણ, સાહિત્યપ્રચાર અને સમયધર્મને માટે સ્વ. પૂજ્ય આચાર્યશ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીએ પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું. તેમ મુનિ શ્રી વિદ્યાવિજયજી મહારાજે શિક્ષણ અને સાહિત્ય માટે ઘણી સુંદર સેવા બજાવી છે, સાધુ-સમાજના ઐકય માટે સાધુ-સંમેલનને સફળ બનાવવામાં પણ તેઓશ્રીનો ફાળો મહત્વનો હતો. આજે સમયપારખું તેજસ્વી સાધુઓની આપણામાં ઉણપ છે તેવા સમયે પૂજ્ય આચાર્યશ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના વિયોગ પછી તરત જ મુનિ શ્રી વિદ્યાવિજયજી મહારાજનો વિયોગ શિક્ષણ-પ્રેમી સમાજને માટે જરૂર દુઃખનો વિષય છે.

તેઓશ્રીએ વીરતત્વ પ્રકાશક મંડળના વિકાસને છેલ્લા છેલ્લા પોતાના જીવનનું પરમકર્તવ્ય બનાવ્યું હતું અને તેનો સુંદર વિકાસ પણ તેઓશ્રી સાધી શકયા હતા. જૈન સાહિત્યની સેવા પણ સારી રીતે બજાવી છે. હવે તેઓશ્રીના દેહવિલયથી આજે શિવપુરીની સંસ્થાની જવાબદારીનો સમાજે ગંભીરપણે વિચાર કરવાનો રહે છે. વીરતત્વ પ્રકાશક મંડળની જ્ઞાન-પરબ અને સાહિત્ય વિષયક પ્રવૃત્તિ સદાકાળ જીવંત રહે તેવો પ્રબંધ પહેલી તકે યોજવાનો રહે છે.

ગુજરાતનું સાઠંબા એ તેઓશ્રીનું જન્મસ્થળ

---

શિષ્ટ સંસ્કૃત સાહિત્ય( Classical )ના ક્ષેત્રની સીમા ઘણે અંશે નિશ્ચિત થઇ શકી છે; જો કે નવું સંશોધન એમાં થશે પણ ખરું, પરંતુ જૈનસાહિત્યની અપાર વિશાળતાની મર્યાદા જોઇ પણ શકાતી નથી. હજુ તો સંશોધનનાં ચાલીસ વરસ માંડ થયાં હશે ત્યાં તો અપભ્રંશ સાહિત્ય પશ્ચિમના વિદ્વાનોને હાથ લાગ્યું. સંપાદન કાર્ય માટે વાટ જોતી હજારો પ્રતો છે. આ તો પ્રથમ ડગલું જ ગણાય, કારણ કે અપભ્રંશ સાહિત્ય પણ ઘણું વિશાળ છે અને અમને બરાબર ખબર છે કે આવા સાહિત્યના અનેક ગુપ્ત ભંડારો છે કે જેના રક્ષકો અને માલિકો તેમાં રહેલ સાહિત્ય બીજાને દેખાડવાની પણ સાફ ના પાડે છે. આ ગુપ્ત ભંડારોની બાબતમાં આપણને યુરોપીયન પંડિતોની સહાય બીલકુલ ન મળી શકે એ સ્વાભાવિક છે, પરંતુ છેલ્લા વિશ્વયુદ્ધ અને તેમાંથી ઉત્પન્ન થયેલ સંઘર્ષો કે જેના પ્રત્યાઘાતો હિંદ કરતાં યુરોપમાં વધારે પડ્યા છે, તે સંઘર્ષો હોવા છતાં, યુરોપ અને અન્ય દેશોમાં અનેક ઉત્સાહી અને યુવાન પ્રાચ્યવિદ્યાના અભ્યાસીઓ પડ્યા છે કે જેઓ આ મહત્વના સંશોધનકાર્યમાં મદદ કરી રહ્યા છે અથવા તો ભવિષ્યમાં સક્રિય મદદ થઇ શકે તે માટે તેના અભ્યાસની તૈયારી કરી રહ્યા છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**અંજલિ** ભાવનગર શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના હોલમાં તા. ૨૬-૧૨-૫૪ રવિવારના એક જાહેર સભા શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા, શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા તથા શ્રી વિજયધર્મ પ્રકાશક સભાના સંયુકત સહકારથી રાત્રીના ૮ કલાકે જૈન સમાજના આગેવાન શેઠ શ્રી ખાન્તિલાલ અમરચંદ વોરાના પ્રમુખ-સ્થાને મળી હતી.

તેમાં પંડિતશ્રી જગજીવનદાસ પોપટલાલ, શેઠશ્રી હરિલાલ દેવચંદ, શ્રીયુત્ બેચરલાલ નાનચંદ શાહ અને ગાંધી અભેચંદ ભગવાનદાસે સ્વર્ગસ્થનાં જીવન અને કાર્યપ્રસંગોના પોતાના અનુભવોમાંથી વિવેચન કર્યું હતું અને અંજલિ અર્પતો ઠરાવ કરવામાં આવ્યો હતો.

## કાળધર્મ પામ્યા.

યુગવીર આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર આચાર્ય શ્રી વિજય-સમુદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિ શ્રી નીતિવિજયજી મહારાજ તા. ૮-૧-૫૫ શનિવારે મુંબઈખાતે આદીશ્વરજીની ધર્મશાળામાં હૃદયવ્યાધિથી કાળધર્મ પામ્યા છે.

તેઓશ્રી જંબુસરના વતની હતા, જંબુસર પધારતા કોઇપણ સાધુ-સાધ્વીની સમભાવે તેઓ હંમેશા સેવાસુશ્રુષા કરતા હતા. તેઓએ પોતાના પુત્ર સુરેન્દ્રભાઇને સં. ૨૦૦૦ માં વરકાણા મુકામે ધામધૂમથી દીક્ષા અપાવી હતી, જેઓ આજે મુનિ જનકવિજયજીના નામથી સુવિખ્યાત છે. મુનિ નીતિવિજયજીએ સં. ૨૦૦૮ ના મા. વ. ૩ ના પાલીતાણા-ખાતે આચાર્યદેવ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીના હસ્તે દીક્ષા અંગીકાર કરી હતી.

તેઓશ્રી સ્વભાવે શાન્ત અને ભદ્રિક હતા, અને જ્ઞાન-ધ્યાનમાં હંમેશા તત્પર રહેતા. અમો સદ્ગતના આત્માની શાન્તિ પ્રાર્થીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતું. સામાન્ય સંયોગોમાં તેઓ ઉછર્યા, લઘુ વયમાં જ માત-પિતાનો વિયોગ થતા મોસાળ પક્ષનો સહારો લઇ મોટા થયા, અને એક મિત્રનો સુયોગ મળી જતાં કલકત્તા મુકામે તેઓશ્રીએ દીક્ષા અંગીકાર કરી, અને અડસઠ વર્ષનો લાંબો દીક્ષાપર્યાય ઓજસ્વી રીતે પાળી તેઓશ્રી પોતાના જીવનને ધન્ય બનાવી ગયા છે.

અમો સદ્ગતના આત્માની પરમ શાન્તિ પ્રાર્થીએ છીએ.

### સ્વ૦ સંતોકબેન

ભાવસાર કોમના જૈન સ્ત્રીરત્ન શ્રી સંતોકબેન કરશનદાસ ગુંદીગરાનું સડસઠ વર્ષની વૃદ્ધ વયે પાવાપુરીખાતે માગશર વદ ૧૦ ના રોજ થએલ અવસાનની નોંધ લેતા અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

સંતોકબેનનું જીવન એક ‘ સબળા નારી ’ ના વિરલ દૃષ્ટાન્ત સમાન હતું.

સામાન્ય સંયોગોમાં તેઓ જન્મ્યા, તેમનો ગૃહસંસાર પણ સામાન્ય સંયોગોમાં શરૂ થયો હતો, પરંતુ સાહસ અને ઉદ્યોગ તેઓશ્રીના જીવન સાથે વણાયા હતા. બે રૂપિયા ઉછીના લઇને રેંટીયાથી તેઓએ પોતાના જીવનની શરૂઆત કરી, દડીઓ બનાવી, પાણી ભર્યા, અને ધીમે ધીમે બે ચાર સાળ વસાવી સ્પીનીંગ મીલની શરૂઆત કરી. તેઓ સ્પીનીંગ અને વીવીંગ એમ બે મોટી મીલોના માલેક થવાની કક્ષાએ પહોંચી શકયા હતા.

સ્વાશ્રય અને સ્વાવલંબનથી જેમ લાખો રૂપીયા તેઓએ મેળવ્યા તેવી જ ઉદારતાથી તેઓશ્રીએ સારું દાન કર્યું. પર્યુષણ પર્વમાં ભાવનગર જૈન સંઘના જમણ માટે, તથા વડવા આયંબીલ શાળા માટે તેઓશ્રીએ અડધા અડધા લાખની રકમ આપી છે. તેમજ ભાવસાર જૈન બોર્ડીંગની સ્થાપના તથા અન્ય શુભ પ્રવૃત્તિઓમાં તેઓશ્રીએ મોટી રકમ ઉદાર દીલથી આપી છે તેઓશ્રીના દાનનો સરવાળો પાંચ લાખ લગભગનો થઇ જાય છે છતાં પ્રતિષ્ઠા કે જાહેરાતનો તેઓને મોહ ન હતો.

પોતાનો દેહ અશક્ત હતો, પથારીમાંથી ઊભા થવાની શક્તિ ન હતી, એમ છતાં શિખરજીની યાત્રાનો સંઘ કાઢવાની તેઓને ભાવના થઇ અને કેવળ શ્રદ્ધાબળથી એક સો યાત્રિકો સાથે લઇને તેઓશ્રી શિખરજીની યાત્રાએ ગયા હતા. માર્ગમાં પાવાપુરીની પુણ્યભૂમિમાં તેઓશ્રીનું અવસાન થયું. એટલે મૃત્યુની દૃષ્ટિએ તો તેઓ ખાટયાં તેમ કહી શકાય, પરંતુ આપબળે પોતાનું જીવન સર્જનાર અને ઉદાર દિલથી મોટી સખાવત કરનાર જૈન સમાજમાં આવી વીર-નારી જવલ્લે જ હોય છે એટલે આપણને એક વીર-નારીની ખોટ પડી તે દુઃખનો વિષય ગણાય.

આ સભાના પણ તેઓ શુભેચ્છક હતા અને સભા દ્વારા સાહિત્યભકિત કરવાની તેઓશ્રીની ભાવના હતી. અમો સદ્ગતના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ.

---

છપાય છે **જ્ઞાનપ્રદીપ ( ત્રણે ભાગ સાથે ) સંપૂર્ણ** છપાય છે

**લેખક—સદ્ગત શાંતમૂર્તિ વિદ્વાન આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ.**

જૈન-જૈનેતર અલ્પજ્ઞ દરેક મનુષ્યથી પણ સરલ રીતે સમજી શકાય, તેમજ ઉચ્ચ સંસ્કારી જીવન કેમ જીવી શકાય અને જીવનમાં આવતાં અનેક સુખ, દુઃખના પ્રસંગોએ સમચિત્ત કેવી પ્રવૃત્તિ આદરી શકાય, તેનું દિશાસૂચન કરાવનાર, અનંતકાળથી સંસારમાં રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે અચૂક માર્ગદર્શક, કપરા વર્તમાન કાળમાં સાચું સુખ, સાચી શાંતિ આપનાર, અહિંસા અને સર્વ પ્રત્યે ભ્રાતૃભાવ ઉત્પન્ન કરાવનાર, નિરંતર પઠન, પાઠન માટે અતિ ઉપયોગી શાસ્ત્રોના અવગાહન અને અનુભવપૂર્ણ રીતે સદ્ગત આચાર્ય મહારાજે લખેલો આ સુંદર ગ્રંથ છે. શ્રી પાલનપુર શ્રીસંઘના ઉપર આચાર્ય મહારાજે કરેલા ઉપકાર માટે ગુરુભક્તિ નિમિત્તે અને સ્મરણાર્થે થયેલા ફંડની આર્થિક સહાયવડે આ ગ્રંથ ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં આકર્ષક બાઈંડીંગ સાથે અમારા તરફથી છપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પુરાંત હશે તે પેટ્રન તથા લાઇફ મેમ્બરોને પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણ રૂપિઆની કીંમતના ભેટ મળશે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે. **સાત વર્ષ પહેલાં થયેલા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બરોને ભેટ આપવામાં આવેલા ગ્રંથોની કિંમત ઘણી મ્હોટી છે.** જેમાંથી પેટ્રન થનાર મહાશયોને છેલ્લા પાંચ વર્ષના પુસ્તકો ભેટ મળશે.

| | | |
|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. રૂા. ૬-૮-૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩-૮-૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, ૧૫-૦-૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૭-૮-૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૧૩-૦-૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૮-૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, ૪-૦-૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, ,, ૨-૦-૦ |
| સં. ૨૦૦૭ } | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, ૧૦-૦-૦ |
| ,, ૨૦૦૮ } | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૦-૦ |
| | શ્રી અનેકાન્તવાદ ( ગુજરાતી ) | ,, ,, ૧-૦-૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, ૦-૮-૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | ,, ,, ૭-૮-૦ |
| | જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, ૨-૦-૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, ૧-૦-૦ |
| | | રૂા. ૮૬-૦-૦ |

હવે આપવાના ભેટના પુસ્તકો નવા તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે. ૨૦૧૦-૨૦૧૧ ના ભેટ પુસ્તકો માટે શ્રી કથારત્નકોષ ભાગ બીજો તૈયાર થાય છે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

બાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તેટલા વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઇ છે.

ઠરાવ
તા. ૧૩-૧-૫૩ }
૨૦૦૯ પોસ વદ ૧૩

શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only